જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૬/૨૦૨૩   શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૨૮૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૮૭ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા, ૧ ટેન્કર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૮૯૩/૨૦૨૩

**કારંજઃ** કાસીમમોહમદ ફારૂક શેખ (ઉ.વ.૨૯) (રહે. કાસીમ કુટવેર ગોલીવાલા બુક ડીપો જમાલપુર રોડ જમાલપુર) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કાસીમમોહમદ ફારૂક શેખ તા.૦૨/૦૬/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે લાલદરવાજા એ.એમ.ટી.એસ. ટર્મીનલ સામે એસ.બી.આઈ. બેન્કની ભદ્ર બ્રાન્ચમાં પૈસા ભરવા ગયા હતા ત્યારે પૈસા બેગમાં રાખી સ્લીપ ભરતા હતા ત્યારે એક અજાણ્યો પુરૂષ કાસીમમોહમદ શેખ પાસે આવી જણાવેલ કે “ જલદી પૈસા લાવો હુ કાઉન્ટર ઉપર પૈસા જમા કરાવી દઉ છુ નહીંતર કેસ કાઉન્ટર બંધ થઈ જશે” તેમ કહી કાસીમમોહમદ શેખ સાથે વિશ્વાસ કેળવી કાસીમમોહમદ શેખની બેગની ચેઈન ખોલી રૂપિયા ૫૦,૦૦૦/- ના કુલ ૧૬ બંડલ કાઢી કેસ કાઉન્ટર ઉપર જમા કરવાના બહાને તેમાંથી ૬ બંડલ રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૯૪/૨૦૨૩**

**વટવાઃ** ઉમેશભાઇ રામજનમ યાદવ (રહે. રાજદીપ સોસાયટી ઝીલ રેસીડન્સીની બાજુમાં વાંદરવટ તળાવ પાસે વટવા) એ તા.૦૨/૦૬/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૩ રાતના ૧૨/30 થી 3/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીની ચીજ-વસ્તુ અને મોબાઇલ મળી કુલ રૂપિયા ૧,૧૨,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૯૫/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** માનશી ડો/ઓ નિલેષભાઈ ભાલાણી (ઉ.વ.૨૪) (રહે. સામાજ્ય ટાવર માનવ મંદિર પાસે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ રાતના ૯/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર માહિવાલ ચલાવે છે.

**બાપુનગરઃ** રોહિતકુમાર ધરમરાજ પટેલ (ઉ.વ.૨૨) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર ૧૩૭ બસ સ્ટેન્ડ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૩ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પાઈપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

**ઓઢવઃ** સુદામા ચંદ્રીકા ઠાકુર (ઉ.વ.૫૫) (રહે. રાજીવનગર રસ્મી એસ્ટેટની બાજુમાં રીંગ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ સાંજના ૬/00 થી ૭/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**નારોલઃ** પરિમલસિંગ તુલસીભાઇ પરિહાર (ઉ.વ.૫૭) અને તેમના પત્ની આશાબહેન વા/ઓ પરિમલસિંગ પરિહાર (ઉ.વ.૫૫) (બન્ને રહે. વૈશાલીનગર વિભાગ-૨ ધૃવનગરની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૩ કલાક ૧૦/00 વાગ્યા પહેલા વૈશાલીનગર પાસે ખુલ્લા ખેતરમાં જઈ બન્ને એ ઝેરી દવાની ગોળીઓ પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.પઠાણ ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ કઠવાડા ચાર રસ્તા પાસે સુર્યમ એસ્ટેટ શેડ નંબર-૧૭ યુગ ઈન્ટરપ્રાઈઝ એમ્બ્રોડરીના કારખાનામા રહેતા અને ત્યા જ કામ કરતા અનિલકકુમાર સ/ઓ શ્રીલાતનસિંગ યાદવ (ઉ.વ.૨૦) (મુળગામ-લોખરીયા તા.તિરવા જી.કનોજ ઉત્તર પ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે ધાબા ઉપર પોતાના ઘરે લોખંડની સીડી સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી